# અમેરીકાનું ચીત્રવીચીત્ર કે વીચીત્રચીત્ર!

–રેખા સીંધલ

## (1)

## ‘અમે ક્યાંના?’

‘‘વી વન ! ગીવ મી હાઈફાઈ, એકતા ! (આપણે જીત્યા ! તાલી દે, એકતા !)’’

સોફા પરથી ઉભી થઈ, હર્ષાવેશમાં બન્ને હાથ ઉંચા કરી, હથેળીઓનો તાલ એકતા સાથે મેળવવા માટે તત્પર બનીને અવનીએ મોટેથી ખુશી પ્રગટ કરી. લીવીંગ રુમ રસોડાની જોડાજોડ હોવાથી આ સાંભળી તરત જ હું પણ એ ખુશીમાં સામેલ થવા રસોડાની બહાર આવી.

1992માં બાર્સેલોનામાં રમાતી ઓલીમ્પીક રમતોને ટી.વી પર નીહાળતી મારી પંદર વર્ષની બન્ને જોડીયા દીકરીઓને, એક રમતવીરની જીતની ખુશીથી એકબીજાને તાલી આપી ફુદરડી ફરતી અને ઝુમતી જોઈ, હું પણ ખુશ થઈ. ઓલીમ્પીકની રમતોમાં મને તે સમયે બહુ રસ ન હતો; તે છતાંય પોતાના દેશનો રમતવીર ચંદ્રક જીતે તેની ખુશી તો થાય જ ને !

માતૃભુમીથી દુર પારકા પ્રદેશમાં, એટલે કે અમેરીકા આવ્યાને હજુ અમને ત્રણ વર્ષ થયાં હતાં. અમારી જીવનનાવ હજુ હાલકડોલક હતી. થોડાં વર્ષો પછી કાયમ માટે વતન પાછા ફરવાની ઈચ્છા તીવ્ર હતી; પણ એ પહેલાં તો બસ, એક જ લક્ષ્ય હતું કે વીકસવાની જે તકો અમને મળી ન હતી, તે બાળકોને મળે તેમ કરવું અને એ માટે રાત-દીવસ અમે મથ્યા કરતાં હતાં.

અહીં નોકરી મેળવવાનું કે કરવાનું અઘરું ન હતું; પણ પશ્ચીમના દેશમાં, પુર્વની સંસ્કૃતી કેમ જાળવવી તે સમસ્યા મુંઝવ્યા કરતી. શાળામાંથી બાળકો રોજ નવા વીચારો લઈને આવતાં અને તેનાથી મન ક્યારેક ગૌરવ અનુભવતું તો ક્યારેક ચીન્તાથી ઘેરાઈ જતું. ક્યારેક અમને પ્રશ્ન પણ થતો કે અહીં આવીને ભુલ તો નથી કરી ને ?

‘‘ઈંડીયા જીત્યું ? કઈ રમતમાં ?’’ થોડા કુતુહલ અને વધુ આશ્ચર્યથી મેં પુછ્યું.

‘‘નો….. મધર !’’

‘નો’ પર ભાર મુકીને એકતા કહે,

‘‘અમેરીકા !’’

જવાબ સાંભળી હું સ્તબ્ધ બની ગઈ !

બન્ને દીકરીઓની આંખોમાં વીસ્મયનો ભાવ મને વંચાયો. તેમાં, આટલી સાદી સમજ મને કેમ ન પડી તે લખ્યું હતું; પરંતુ મારા વીસ્મયને સમજનાર તે સમયે ત્યાં અન્ય કોઈ હાજર ન હતું.

ઓહ ! તો આટલા ટુંકા સમયમાં એક છત્ર નીચે રહેતો અમારો પરીવાર, અજાણપણે બે દેશો વચ્ચે વહેંચાઈ રહ્યો હતો. ફરતી અદૃશ્ય સીમારેખાઓ અંકાઈ રહી હતી અને અમને કોઈને તેની જાણ સુધ્ધાં ન હતી ! ઓચીન્તુ જ આ નગ્ન સત્ય નજર સમક્ષ ઉપસ્થીત થયું અને મારું હૃદય ખળભળી ઉઠ્યું હતું.

એક તરફ સાંજનો ઢળતો સૂર્ય ભારતમાં રહેતાં માબાપની યાદ આપતો હતો અને બીજી તરફ ઉગતા સુર્યને સન્તાનો અમેરીકાની ધરતી પર નીહાળતા હતાં. આ આથમતી અને ઉગતી પેઢી વચ્ચે સેતુ બનીને ઉચ્ચક મનથી અહીં વસતાં સ્થળાંતરવાસીઓ અમે ક્યાંના…? તે પ્રશ્નનો ખોવાયેલ ઉત્તર આ પ્રસંગને અવીસ્મરણીય બનાવી મનના અતલ ઉંડાણ સુધી લઈ જાય છે.

(આ પ્રાસંગીક લેખને 'ગુજરાતી સાહીત્ય પરીષદ' દ્વારા યોજાયેલી 'એની સરૈયા લેખીકા પ્રોત્સાહન નીધી-લેખન સ્પર્ધા'માં આશ્વાસન ઈનામ મળેલું. તે વીશેની નોંધ 'પરબ'ના નવેમ્બર 2011ના અંકમાં પ્રકાશીત થઈ હતી.)

## (2)

## 'અમેરીકાનું ચીત્રવીચીત્ર!'

ગઈકાલે ટપાલપેટી ખોલતાં એક કવર મળ્યું. અંદરના સુંદર કાર્ડમાં આભાર વ્યકત કરતાં છપાયેલા શબ્દો સાથે, હાથે લખેલાં વાક્યો પણ ઉમેરેલાં હતાં. એમાં છપાયેલા શબ્દો હતા :

We never know how deeply an act of kindness can touch the heart. Just wanted to let you know how very much your thoughtfulness was appreciated.

પછી હાથેથી લખી ઉમેર્યું હતું કે…

Thanks so much for the beautiful poinsettia plant. (Names of all family members) are enjoying it so much. We are grateful for such a sweet new neighbor. (Name of the person who wrote this card)

(એમની પ્રાયવસી જાળવવા મેં અહીં નામ નથી લખ્યાં; કારણ કે અમેરીકામાં પ્રાયવસીનું ઘણું મહત્ત્વ છે.)

મોકલનારનું નામ અને સરનામું વાંચી અમને ખુબ આશ્ચર્ય થયું; કારણ કે અમારી બીલકુલ બાજુમાં નવા રહેવા આવેલા પડોશીએ, પોસ્ટ ઑફીસ મારફત ચાર ડૉલર કાર્ડના ખર્ચી, આભાર વ્યક્ત કર્યો હતો! રુબરુ આભાર તો હું પ્લાંટ આપવા ગઈ ત્યારે જ તેમણે વ્યકત કર્યો હતો.

આમ કેમ ? વીચાર કરતાં લાગ્યું કે..

એકવીસમી સદીની મોટી દેન એ છે કે દરેક પાસે સમયની ખેંચ છે. ચાલતે રસ્તે બીજી ખરીદી સાથે કાર્ડ ખરીદી, બે શબ્દો લખી ઑફીસમાંથી બીજી ટપાલો સાથે મેઈલ બૉક્સમાં મુકતાં પાંચ મીનીટ થાય અને અમારાં ઘર, દસ જ ફુટ દુર હોવા છતાં; રુબરુ મળીએ તો વાતચીતમાં ખાસ્સી દસ–પંદર મીનીટ તો નીકળી જ જાય ! જો કે એકબીજાની નજરે પડીએ ત્યારે એવી થોડી પળોની આપ-લે પણ કરી લઈએ; પરંતુ બે મહીનાથી તેઓ રહેવા આવ્યા છે છતાં; ફક્ત બે જ વાર એમને મળવાનું શક્ય બન્યું છે. બાકી એકબીજાના ચહેરા પણ જોવા નથી મળતા!

એનું કારણ કે સવારે સાત વાગ્યે તેઓ કામે નીકળે અને પાંચ વાગ્યે પાછા આવે. ત્યારે એ સમયે અમારે ડ્રાઈવ–વે બાજુ જવાનું કોઈ કારણ હોતું નથી. અને એ જ રીતે અમારા આવવા-જવાના સમયે તેઓની ગેરહાજરી હોય ! સાંજના અને રજાના સમયમાં એકબીજાનાં ઘરમાં બારણાં ખખડાવીને જવાનું ખાસ કોઈ કારણ હોતું નથી અને એવો રીવાજેય નથી.

અમે અહીં નવા રહેવા આવ્યા ત્યારે બીજા પડોશીઓએ જેમ અમને પ્લાન્ટ કે કેક આપી સત્કાર્યાં હતાં, તેમ અમે પણ એમને સત્કારવા માટે પ્લાન્ટ લઈને ગયાં. ત્યારે તો વીનમ્રતા સાથે ‘ગમે ત્યારે કામ હોય તો કહી શકાય’ તેવી લાગણી એમણે સાચી રીતે દર્શાવી હતી. પછી એક વાર અકસ્માતે આંગણામાં મળ્યાં. ત્યારે પણ ‘એકબીજા સાથે ફાવશે’ તેવું વાતચીત પરથી લાગ્યું હતું.

આમ, સારા પડોશીની છાપ બન્ને પક્ષે બરાબર ઉભી થઈ ગઈ; પણ અમારી બન્નેની ટપાલ પેટી વચ્ચેનું દસ ફુટનું અંતર, પોસ્ટ ઑફીસના સીક્કા વગર કપાય નહીં તેટલું મોટું જણાયું! આ વીચીત્રતાનું કારણ પણ સમજાય તેવું છે.

ઘરના યુટીલીટી બીલ ટપાલથી ન ભરવાની મને મારા પતી તરફથી સુચના આપવામાં આવી છે; કારણ કે એમને જૉબ જતાં એ ઑફીસ રસ્તામાં થાય છે. તો પોસ્ટલ સ્ટૅમ્પના પૈસા બચે ને ! તેઓ મને કહે, 'હું તેમની જગ્યાએ હોઉં તો જાતે જઈ એમના મેલ બૉક્સમાં કાર્ડ મુકી આવું. બાજુમાં જ તો છે ! પછી સ્ટૅમ્પના પૈસા ખોટા શા માટે ખર્ચવા?

મારે કહેવું પડ્યું કે, 'રખે એવું કરતા ! કોઈની પ્રાયવેટ પ્રોપર્ટીમાં જઈ મેલ બૉક્સ ખોલતાં તમને કોઈ જોશે તો આ સોસાયટીના શંકાસ્પદ સભ્ય ગણાઈ જશો.'

અહીં આ દેશમાં કોઈને આપણા બાપદાદાની પણ ઓળખ નથી. એ કેમ ભુલી જવાય?

–રેખા સીંધલ
સર્જકસમ્પર્ક :
Rekha Sindhal
7272 - Snapdrogn Ln, Ooltewah, TN 37363, USA - Phone - 615 260 8794
eMail : rekhasindhal@comcast.net Blog : www.axaypatra.wordpress.com

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ' - વર્ષ : બારમું – અંક : 374 – May 14, 2017
'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,36,02,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 76,70,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 9,23,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 5,85,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@